# પંચાયતીરાજ અને સ્થાનિક સ્વરાજ્ય

## • ભારતમાં પંચાયતી રાજનો ઉદભવ અને વિકાસ :

- વૈદિકકાળ થી ગામડાને મુળભૂત એકમ ગણવામાં આવે છે. ગ્રામ પંચાયતનું અસ્તિત્વ પણ તેટલું જ પૌરાણિક છે.
- ઋગ્વેદ અને અથર્વવેદ માં જાહેર પ્રશ્નોની ચર્ચા કરી સભા નિર્ણય લેતી.
- **ગ્રામણી ગામનો વડો** ગણાતો.
- પ્રાચીન ભારતમાં દરેક ગામ એક નાનકડું પ્રજાસત્તાક હતું તેમાં ગ્રામસભા વહિવટનું અગત્યનું અંગ ગણાતી.
- **મહાભારતના શાંતિ પર્વ**માં અને **મનુસ્મૃતિ** માં **ગ્રામ સભા**ના ઘણા ઉલ્લેખો જોવા મળે છે.
- **બૌદ્ધ જાતક કથાઓ માં પણ ગ્રામસભા**નો ઉલ્લેખ છે.
- **ભારતમાં ગ્રામસમિતિઓનો વ્યવસ્થિત ધોરણે વિકાસ 'ગુપ્તશાસન' દરમ્યાન થયો, તે વખતે તેને 'પંચમકલીઓ' કે 'ગ્રામજન પદો' તરીકે ઓળખવામાં આવતા.**
- **ઉત્તરમેરુ** ગામમાંથી મળી આવેલ શિલાલેખોમાં **પાંચ સમિતિઓ**નો ઉલ્લેખ જોવા મળે છે.
- **સાતમી** સદીની શરૂઆતમાં **રાજસ્થાન માં પંચકૂળ** નું લખાણ મળે છે, આવોજ ઉલ્લેખ **કર્ણાટક ના ગંગ અભિલેખો**માં જોવા મળે છે.
- પંદરમી સદી પછી પંચાયતોની પડતી શરૂ થઈ.
- ઉત્તર ભારતમાં પંચાયતોની **પડતીના કારણમાં મુસ્લિમ આક્રમણકારો**નું આગમન અને તેની સાથે સંકળાયેલી લશ્કરી ચડતી – પડતીને ગણી શકાય.

## • બ્રિટીશ શાસન દરમ્યાન સ્થાનિક સ્વ– શાસન નો વિકાસ :

- **સૌથી પહેલાં ઇંગ્લેન્ડના ધોરણે મદ્રાસ**માં **૧૬૮૮**માં **મ્યુનિસિપલ કોર્પોરેશન** સ્થાપાઈ.
- સીધા કરવેરા સામે લોકોના વિરોધના કારણે આ પ્રયોગ સફળ થયો નહિ, આથી **૧૭૨૬**માં સુધારેલો ચાર્ટર એક્ટ પસાર કરીને **મદ્રાસ, મુંબઈ અને કલકત્તા** ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરવામાં આવી.
- 1850 માં નગરસમિતિ ની રચના અને સીધા કરવેરાના બદલે પરોક્ષ કરવેરાની જોગવાઇ કરવામાં આવી.
- **લોર્ડ રિપને** 1882 માં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના સિદ્ધાંતો નક્કી કર્યા આથી તેને ભારતમાં **'સ્થાનિક સ્વરાજ્યના પિતા'** તરીકે ઓળખવામાં આવે છે.
- **1889 માં બોમ્બે સેનિટેશન એક્ટ** પસાર કરવામાં આવ્યો.
- **1907 રોયલ કમિશન:** આ કમિશને વિકેન્દ્રિકરણ માટે ભલામણો કરી તેમણે ગામના કૂવાઓ, તળાવો, ધર્મશાળા, બજાર, પશુઓ વગેરે માટે અલાયદી વ્યવસ્થા કરવાનું સુચવ્યું.

## • ભારત સરકારનો 1915 નો ઠરાવ:–

રોયલ કમિશનના સંદર્ભે ભારત સરકારે સ્થાનિક સ્વ–શાસનની બાબતમાં સિદ્ધાંતો નક્કી કરતો એક ઠરાવ 1915 માં કર્યો.



ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર-૨૨, ઘ-૬ કોર્નર, ગાંધીનગર

- **1935 નો પ્રાંતિક સ્વરાજ્યનો કાયદો:–**

+ જવાબદાર રાજ્યતંત્ર આપવા માટે વચનબધ્ધ છે તેવો દેખાડો કરવા માટે **બ્રિટિશ પાર્લામેન્ટે ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ** પસાર કર્યો, આ અધિનિયમથી ભારતની રાજ્યવ્યવસ્થા માં સમવાય માળખું દાખલ કરાયું, આ વ્યવસ્થા પ્રમાણે રાષ્ટ્રીય કક્ષાએ કેન્દ્ર સરકાર અને પ્રાંતો માટે પ્રાંતીક સરકાર એમ દ્વિ–સ્તરીય રાજ્યતંત્ર અમલમાં આવ્યું.
+ કેન્દ્ર સરકાર અને પ્રાંતિક સરકારો વચ્ચે વિષયોની વહેંચણી કરવામાં આવી, પરિણામે સ્થાનિક સરકારની બાબત પ્રાંતિક સરકારનો વિષય બની. આ વ્યવસ્થા હેઠળ 1937 માં ચૂંટણીઓ કરવામાં આવી અને પ્રાંતોમાં લોકોએ ચૂંટેલી પ્રજાકીય સરકારો સત્તામાં આવી.

- **બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતો માં ગ્રામપંચાયતો:–**

+ **કલમ:– 40 "રાજ્ય ગ્રામપંચાયતોની રચના કરવામાટે જરૂરી પગલાં લેશે અને તે સ્વશાસનના એકમ તરીકે કામ કારી શકે તે માટે જરૂરી હોય તેવી સત્તા અને અધિકાર તેમને આપશે."**

- **સામુદાયિક વિકાસ કાર્યક્રમ:**

+ ભારતમાં ગ્રામ વિકાસની યોજનાઓ સામુદાયિક વિકાસના કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવી હતી. તેના હેઠળ રાષ્ટ્રીય વિકાસ સમિતિ એ તત્કાલીન સંસદ સભ્ય **બળવંતરાય મહેતાના અધ્યક્ષ પદે** એક અભ્યાસ જૂથની રચના કરી આ સમિતિ એ આખા દેશમાં પ્રવાસ કર્યો રૂબરૂ મૂલાકાતો બાદ સમિતિએ પોતાનો અહેવાલ તૈયાર કર્યો.

- **પંચાયતી રાજની સ્થાપના**

+ લોકશાહીમાં છેવાડાના માણસનો વિકાસ થાય એ મુખ્ય હેતુ હોય છે. કેન્દ્રમાં સ્થિત સત્તા ગામડાનાં વ્યક્તિ સુધી પહોંચી શકે એવી વ્યવસ્થા એટલે પંચાયતી રાજ.
+ **પંચાયતી રાજનો મુખ્ય વિચાર ગાંધીજીએ ગોર્વર્ધનરામ ત્રિપાઠીની મહાનવલકથા "સરસ્વતિચંદ્ર" માં આવતા "કલ્યાણરાજ્ય" પરથી વહેતો કર્યો.** જે આખરે જવાહરલાલ નહેરુના હસ્તે **૨ ઓક્ટોબર, ૧૯૫૯માં રાજસ્થાનનાં નાગોર** ખાતે પ્રસ્થાપિત થયો.
+ ગ્રામ્ય કે શહેરી વિસ્તારની અમુક હદ સુધીજ શાસને વિકાસ કાર્ય કરવાનું હોવાથી તેને **'સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ'** પણ કહેવામાં આવે છે.
+ પંચાયતીરાજ અંગેની બળવંતરાય મહેતા સમિતી દ્વારા જે ભલામણો રજુ કરવામાં આવી તેમાં રાજ્યોએ પોતાની પરિસ્થિતિને નજરમાં રાખીને અનુકુળ ફેરફારો કર્યા. અને ધીમેધીમે તમામ રાજ્યોએ પંચાયતીરાજ લાગુ કરવાનું શરુ કર્યુ. **સૌ પ્રથમ રાજસ્થાન ત્યાર બાદ આંધ્રપ્રદેશ** અને તમિલનાડુ પછી આસામ, કર્ણાટક અને ઓરિસ્સા ત્યારબાદ બિહાર, ગુજરાત, પંજાબ, હરિયાણા, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોએ પોતપોતાના રાજ્યોમાં પંચાયતી રાજ દાખલ કર્યું.
+ ગુજરાતે પ્રથમ **મુખ્યમંત્રી જીવરાજ મહેતાનાં સમયમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧** પસાર કર્યો. અને **૧ એપ્રિલ , ૧૯૬૩ના રોજ પંચાયતી રાજ લાગુ કર્યુ.** પરંતુ કાળક્રમે પંચાયતીરાજમાં કોઇ ઝાઝો સુધારો દેખાયો નહિ.

**૧૯૭૭માં મોરારજી દેસાઇનાં વડાપ્રધાન પદે પ્રથમ બિન કોંગ્રેસી સરકાર સત્તા સ્થાને આવી** ત્યારે પંચાયતી રાજ નિરાશાજનક સ્થિતિમાં હતું. **પંચાયતીરાજ વ્યવસ્થાને સુધારવાના હેતુસર ડિસેમ્બર ૧૯૭૭ માં અશોક મહેતાનાં અધ્યક્ષપદે** એક સમિતિ નીમી.

- **અશોક મહેતા સમિતિની મુખ્ય ભલામણો :-**

**૧)** બંધારણમાં જરૂરી સુધારા કરીને સ્થાનિક સરકારની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવો જોઇએ.

**૨)** સ્થાનિક સંસ્થાઓની ચુંટણી નિયમિત સમયાંતરે કરવી જોઇએ.

**૩) ત્રિસ્તરીયના બદલે દ્વિસ્તરીય પંચાયત**

**૪)** જિલ્લા પરિષદ કે પંચાયતની રચના સીધી ચૂંટણીથી થવી જોઇએ.

**૫)** તમામ વિકાસની પ્રવૃતિઓ જિલ્લા પરિષદને સોંપવી.

**૬)** પંચાયતોને સુપર સીડ કરવાની સત્તા મર્યાદિત કરવી.

**૭)** ન્યાય પંચાયત અને સામાજિક ઓડિટની વ્યવસ્થા દાખલ કરવી.

મોરારજી દેસાઇની સત્તા લાંબી ન ચાલતાં **અશોક મહેતા સમિતિની ભલામણો લાગુ થઇ શકી નહિં.**

- **જયપ્રકાશ નારાયણનાં પંચાયતી રાજ અંગેના વિચારો :-**

તેઓ પંચાયતી રાજના પ્રખર પ્રણેતા હતા. પંચાયતી રાજ સંસ્થાને બંધારણીય દરજ્જો આપવાનાં મક્કમ આગ્રહી હતા.

- **૬૪મો બંધારણીય સુધારો**:

રાજીવ ગાંધી વડાપ્રધાન હતા ત્યારે તેમણે **૧૯૮૯માં ૬૪મો બંધારણીય સુધારો** સંસદમાં રજૂ કર્યો. આ ખરડાની મુખ્ય જોગવાઇ નીચે મુજબ હતી.

**૧)** તમામ રાજ્યોમાં ત્રિસ્તરીય પંચાયતની રાજની સ્થાપના.

**૨)** સીધી ચુંટણીથી તમામ બેઠકો ભરવી.

**૩)** અનુસૂચિત જાતિ/જન જાતિ માટે વસતિનાં પ્રમાણમાં અનામત બેઠકો.

**૪) સ્ત્રીઓ માટે ૩૦% અનામત.**

**૫)** પંચાયતોની મુદ્દત પાંચ વર્ષની, જો સુપરસીડ થાય તો ૬ મહીનામાં નવી ચુંટણી

**૬)** દર ૫ વર્ષે રાજ્ય નાણાપંચની નિમણૂક.

**૭)** તમામ પંચાયતોની **ચૂંટણીનું સંચાલન ભારતનાં ચૂંટણીપંચનાં અંકુશ** હેઠળ થાય.

૮) તમામ પંચાયતોનાં હિસાબનું ઓડિટ ભારતનાં કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ દ્વારા થાય.

પરંતુ, **રાજ્યસભામાં પૂરતા મત નહિ મળવાના કારણે તે નિરર્થક નીવડ્યું.**

ત્યારબાદ વી.પી. સિંઘ સરકારે થોડો-ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ ખરડો વિચારણામાં લેવાય તે પહેલાં જ લોકસભાનું વિસર્જન થયું.

નવેસરથી લોકસભાની ચુંટણી થઇ તેમાં **નરસિંહરાવ વડાપ્રધાન બન્યા. તેમણે સંસદનાં બંને ગૃહોમાં બંધારણનો ૭૩ મો સુધારા અધિનિયમ ૧૯૯૨** પસાર કરાવ્યો. તે મુજબ બંધારણમાં **૧૧મી અનુસૂચિ** ઉમેરવામાં આવી.



ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર-૨૨, ઘ-૬ કોર્નર, ગાંધીનગર

## ગ્રામ પંચાયત

- વસ્તી:– ૩૦૦૦ થી ૨૫,૦૦૦
- અનામત: મહિલા: ૫૦%, ઓ.બી.સી. ૧૦% SC/ST- વસ્તી આધારે (કલેક્ટર નક્કી કરે)
- સભ્ય સંખ્યા :– ૮ થી ૧૬ (દર ૩ હજારે ૨ બેઠકનો વધારો)
- **ચૂંટાયેલો પ્રમુખ** :– સરપંચ , **વહિવટી વડો** :– પંચાયત મંત્રી
- સરપંચ દ્વારા વર્ષમાં ચાર વાર ગ્રામસભા બોલાવવાની ફરજિયાત જોગવાઇ છે.
  **૧ લી મે, ૧૫ ઓગષ્ટ , ૨૬ જાન્યુઆરી , ૨જી ઓક્ટોમ્બર** ( તા.૧૧/૦૭/૨૦૦૧થી)
- **ગુજરાતમાં ગ્રામ પંચાયતની રચના ( કલમ–૯ ) નો ટૂંક સાર નીચે મુજબ છે:–**
  ગામના મતદારો સરપંચને ગુપ્ત મતદાન દ્વારા ચુંટશે.
  ગામના લાયકાત ધરાવતા મતદારોમાંથી સભ્યોને ચુટવામાં આવશે. સભ્યની સંખ્યા જેટલી સંખ્યામાં વોર્ડની રચના કરી દરેક વોર્ડમાંથી એક સભ્યને તે વોર્ડના મતદારો ગુપ્ત મતદાનથી ચુંટશે.
- સરપંચ અને સભ્યો –> સભ્યોમાંથી ઉપસરપંચને ચુંટશે.
- ગ્રામ પંચાયતની મુદત પાંચ વર્ષની છે. દર પાંચ વર્ષે સામાન્ય ચુંટણી થશે. સરપંચ, ઉપસરપંચ, સભ્યની જગ્યા ખાલી પડે તો પેટા–ચૂંટણીથી ભરવામાં આવશે.
- પંચાયતની રચના બાદ તુરંત જ **પ્રથમ બેઠકમાં સામાજિક ન્યાય સમિતિની રચના કરવી આવશ્યક છે** તે ઉપરાંત નીચેની વિવિધ સમિતિઓ રચાય છે.

| | | |
|---|---|---|
| **૧.** કારોબારી સમિતિ | **૨.** સામાજિક ન્યાય સમિતિ | **૩.** પાણી સમિતિ |
| **૪.** અપીલ સમિતિ | **૫.** શૈક્ષણિક સમિતિ | **૬.** સ્વચ્છતા સમિતિ |
| **૭.** ગોકુળગામ સમિતિ | **૮.** બાંધકામ સમિતિ | **૯.** આરોગ્ય સમિતિ |

ઉપરોક્તમાં નીચે મુજબની **ત્રણ સમિતિઓ બનાવવાની હોય છે.**

**૧.) કારોબારી સમિતિ**– ગ્રામપંચાયતમાં આ સમિતિ રચવી ફરજીયાત નથી. આ સમિતિની સભ્ય સંખ્યા (૫) (એક અ.જા/અ.જ.જા કે મહિલા સભ્ય)

મુદત – ૨ વર્ષ

અધ્યક્ષ – હોદાની રૂએ સરપંચ / ઉપસરપંચ

**૨.) સામાજીક ન્યાય સમિતિ**

– ફરજીયાત સમિતિ

– સભ્ય સંખ્યા – વધુમાં વધુ પાંચ ( એક સભ્ય વાલ્મિકી )

– મુદત – પંચાયતની મુદત જેટલી

અધ્યક્ષ – સભ્યો દ્વારા ચુંટાય છે.

**૩.) પાણી સમિતિ**

– અધ્યક્ષ – સરપંચ

– મુદત – પંચાયતની મુદત જેટલી

– ગામના લોકોને શુદ્ધ પાણી પુરુ પાડવું વગેરે.

- પંચાયત ધારાની **૨૪૩(ઞ) મુજબ નાણાકીય પરિસ્થિતિના પુનરાવલોકન માટે નાણાપંચ**ની રચના થઇ છે. આ જોગવાઇ મુજબ પંચાયતને **કેન્દ્ર સરકાર તરફથી ૭૫%** અને **રાજ્ય સરકાર તરફથી ૨૫% ગ્રાન્ટ** વિકાસ કાર્યો માટે આપવામાં આવે છે.
- સરપંચ પંચાયતનું અંદાજપત્ર નવેમ્બર માસ સુધીમાં તૈયાર કરાવવું પડે અને ૧૫ ડિસેમ્બર સુધીમાં તાલુકાને મોકલાવવાની સૂચના પંચાયત મંત્રીને આપવાની અને પરત આવ્યા પછી **૩૧ માર્ચ સુધીમાં પંચાયતની સભામાં મંજુર કરાવ્યા પછી જ ખર્ચ કરવો પડે.**

## તાલુકા પંચાયત

- **સભ્ય સંખ્યા :**– ૧૬ થી ૩૨ (૨૫ હજારની વસ્તીદીઠ ૨ બેઠકનો વધારો)
- **તાલુકા પંચાયતમાં મુખ્યત્વે ચાર પ્રકારના સભ્યો જોવા મળે છે.**

૧.) સીધા ચુંટાયેલા સભ્યો
૨.) પદનિમિત સભ્યો
૩.) નિયુકત સભ્યો
૪.) કો–ઓપ્ટ સભ્યો

ગુજરાતમાં કોઇ પણ પદનિમિત સભ્યને મીંટીગમાં મત આપવાનો અધિકાર આપેલ નથી.

કો–ઓપ્ટ પ્રકારના સભ્યો આધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રની તાલુકા પંચાયતમાં છે. આંધ્રપ્રદેશમાં લઘુમતીના એક પ્રતિનિધિને કો–ઓપ્ટ કરવામાં આવે છે. આ સભ્યને પંચાયતની બેઠકમાં મત આપવાનો અધિકાર હોતો નથી.

- **અનામત:** મહિલા: ૫૦%, ઓ.બી.સી. ૧૦% SC/ST- વસ્તી આધારે (વિ. કમિશનર નક્કી કરે)
- **કારોબારી પ્રમુખ :**– તાલુકા પંચાયત પ્રમુખ
- **વહિવટી વડા :**– તાલુકા વિકાસ અધિકારી (T.D.O)
- **આવક :** સરકારી અનુદાન , સહાય,સ્ટેમ્પ ડ્યુટીની આવક અને જમીન મહેસૂલ
- ટી.ડી.ઑ. તાલુકા પંચાયતના હિસાબ અને દફ્તર સંભાળે છે અને તાલુકા પંચાયતનુ અંદાજપત્ર તૈયાર કરે છે.
- **દિલિપસિંહ ભૂરિયા સમિતિ**ના અહેવાલ મુજબ જે ગામ તાલુકા કે જિલ્લાની **૫૧% થી વધુ** વસ્તી અનુસૂચિત જનજાતિની હોય ત્યાં કાયમ માટે પ્રમુખ પદ અનુસૂચિત જનજાતિ માટે અનામત રહેશે.
- **તાલુકા પંચાયતની સમિતિઓ** –

**૧) કારોબારી સમિતિ–**

– સભ્ય સંખ્યા – વધુમાં વધુ – ૯
– અધ્યક્ષ – હોદાની રૂએ તાલુકા પંચાયતના પ્રમુખ
– પ્રમુખ – ૨ વર્ષની મુદત
– તાલુકા પંચાયતના ઠરાવ કરીને સોંપે તેટલી બાબતોનો વહીવટ કારોબારી સમિતી સંભાળે છે.

– કારોબારી સમિતિ પોતાના સભ્યોમાંથી વધુમાં વધુ બે પેટા સમિતિ રચના કરી શકે છે. તેમની મુદત એક વર્ષની હોય છે.

**૨) સામાજીક ન્યાય સમિતિ**

– ફરજીયાત સમિતિ

– સભ્ય સંખ્યા વધુમાં વધુ – ૫ ( એક સભ્ય વાલ્મિકી / એક મહિલા સભ્ય)

મુદત – પંચાયત જેટલી

અધ્યક્ષ– સભ્યમાંથી ચુંટાઇને

**મરજીયાત સમિતિઓ–**

તાલુકા પંચાયત કોઇ ખાસ કાર્યો અથવા ખાસ યોજનાનો અમલ કરવા માટે રાજય સરકારની પૂર્વે મંજુરી લઇને તેવી સમિતિઓની રચના કરી શકે છે. આવી દરેક સમિતિઓની સભ્ય સંખ્યા – ૫ સુધીની હોય છે. દરેક સમિતિના સભ્યો પોતાનામાંથી એક અધ્યક્ષ ચુંટી કાઢે છે. આવી તમામ સમિતિઓની મુદત એક વર્ષની હોય છે.

## જિલ્લા પંચાયત

- **સભ્ય:**– ૩૨ થી ૫૨ (૧ લાખની વસ્તીદીઠ વધુ ૨ બેઠકોનો વધારો)
- **અનામત:** મહિલા: ૫૦%, ઓ.બી.સી. ૧૦% SC/ST- વસ્તી આધારે (વિ. કમિશનર નક્કી કરે)
- **જિલ્લા પંચાયતની પ્રથમ બેઠકમાં અધ્યક્ષ નક્કી કરવાના અધિકાર વિકાસ કમિશનરને છે.** વિકાસ કમિશનર જેને નિયુક્ત કરે તે પ્રથમ બેઠકના અધ્યક્ષ સ્થાન રહેશે.
- પ્રથમ બેઠકમાં માત્ર પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી સિવાય બીજી કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી.
- **વહિવટી વડા :**– જિલ્લા વિકાસ અધિકારી (ડી.ડી.ઓ.)
- **જિલ્લા પંચાયતની સમિતિઓ :–**

**જિલ્લા પંચાયતની નીચે મુજબની સાત સમિતિઓની રચના ફરજિયાત કરવાની હોય છે.**

**૧) કારોબારી સમિતિ ૨) સામાજિક ન્યાય સમિતિ ૩) શિક્ષણ સમિતિ**

**૪) જાહેર આરોગ્ય સમિર્તિ ૫) જાહેર બાંધકામ સમિતિ ૬) અપિલ સમિતિ**

**૭) વીસ મુદ્દા અમલીકરણ સમિતિ**

➢ **કારોબારી સમિતિ :–**

જિલ્લા પંચાયતની સૌથી મહત્વની અને સૌથી વધુ સત્તાવાળી સમિતિ

- સભ્ય : વધુ માં વધુ ૯ અને ઓછામાં ઓછા ૫ (મુદ્દત ૨ વર્ષ)
- **કાર્યો: –** નાણાકીય બાબતને લગતા તમામ કાર્યો
- અંદાજપત્રમાં મંજુર થયા પ્રમાણે જુદા જુદા કામો માટે નાણાનો ખર્ચ થાય તે માટે દેખરેખ રાખે છે. જિલ્લા ગૃહરક્ષક અને ગ્રામરક્ષક દળને લગતા તમામ કામો સંભાળે છે.

– સામાજીક ન્યાય સમિતિને સોંપાયેલ તેવું કોઇ કામ કારોબારી સમિતિ હાથ ધરી શકતી નથી.

– કારોબારી સમિતિઓ પોતાના સભ્યોમાંથી વધુમાંવધુ ૨ પેટા સમિતિઓ નીમી શકે છે.

- **સામાજિક ન્યાય સમિતિ :**

સભ્ય ૫ મુદ્દત :– પંચાયત જેટલી

જિલ્લા આયોજન સમિતિની તાલુકાવાર પેટા સમિતિ :–

સભ્ય :– ઓછા માં ઓછા ૭

૧) અધ્યક્ષ :– તાલુકા પંચાયત પ્રમુખ

૨) ઉપાધ્યક્ષ :– પ્રાંત અધીકારી / ડેપ્યુટી ડિડિઓ

૩) ત્રીજો સભ્ય :– તાલુકાનો ધારાસભ્ય

૪) જિલ્લા પંચાયતનો સદસ્ય

૫) સામાજિક ન્યાય સમિતિનો અધ્યક્ષ

૬) મામલતદાર

૭) ટી.ડી.ઓ.

– સામાજિક ન્યાય સમિતિ અને શિક્ષણ સમિતિ ની મુદ્દત ૫ વર્ષની રહેશે બાકી તમામ સમતિની મુદ્દત ૨ વર્ષ

– પંચાયતનો કોઈપણ સભ્ય ૨ થી વધુ સમિતિઓનો સભ્ય બની શકે નહિ.

– પંચાયતના પ્રમુખ અને શિક્ષણ સમિતિઓનો અધ્યક્ષ બંને હોદ્દા પર એકસાથે રહી શકાય નહી.

– સામાજિક ન્યાય સમિતિ, જાહેર આરોગ્ય સમિતિ, બાંધકામ સમિતિ અને અપીલ સમિતિ તથા ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં ૫ સભ્યો અને કારોબારી અને શિક્ષણ સમિતિમાં ૭ થી ૯ સભ્યો રહેશે.

– **તારીખ ૧–૪–૧૯૮૭ થી ૨૦ મુદ્દાનો અમલીકરણ કાર્યક્રમ ગુજરાતમાં કાર્યરત છે.** જિલ્લા આયોજન સમિતિમાં કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત, નગરપાલિકાઓ માંથી ૩૦ થી ૫૦ સભ્યો નિયુક્ત થાય છે. **તેના અધ્યક્ષ તરીકે જિલ્લાના વિધાનસભાના સભ્ય પ્રભારી મંત્રી** તરીકે કાર્ય તરીકે છે.

– પંચાયતી રાજની સંસ્થાઓને સ્થગિત રાખી શકાય નહીં. તેનું કોઈપણ પદ ખાલી હોય તો ૬ મહીના મા ચુંટણી કરવી અનિવાર્ય છે. આ સંસ્થાઓને પોતાના અધીકાર ક્ષેત્રમાં નવા કર લાદવાની સત્તા છે. વિવિધ કાર્યોનું વહન કરવા માટે પંચાયતી રાજ માં બે સમિતિઓની રચના કરવામાં આવે છે. જે સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટિ) અને વિભાગીય સમિતિ (વોર્ડ કમિટિ) ના નામે ઓળખાય છે.

– સંવિધાનના ૭૪ મા સુધારા વડે કલમ ૨૩૪(W) ની ૧૨ મી સુચિ અંતર્ગત ૧૮ કાર્યો નું વહન કરવાની જવાબદારી નગરપાલિકા –મહાનગરપાલિકાની રહે છે. જ્યારે પંચાયતની સંસ્થાઓ માટે ૨૯ વિષયો રાખવામાં આવ્યા છે.

– જિલ્લા પંચાયતને કરવાની અપીલ જિલ્લા વિકાસ અધિકારીને સંબોધીને લખીને તેમને રૂબરૂમાં આપવાની અથવા રજિસ્ટર્ડ ટપાલથી મોકલવાની હોય છે. મુકરર તારીખે અપીલની સુનાવણી કરવામાં આવે છે.



ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર–૨૨, ઘ–૬ કોર્નર, ગાંધીનગર

- **અન્ય સમિતિ–**

  ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ ( સભ્ય સંખ્યા –૫ ) મુદત – ૧ વર્ષ
  મહિલા, બાળવિકાસ, અને યુવા વિકાસ સમિતિ( સભ્ય સંખ્યા– ૫) મુદત – ૧ વર્ષ
  હળપતિ અને ભૂમિહીન ખેતમજૂરોની આવાસ બાંધકામ સમિતિ – ભરૂચ, સુરત, તાપી, નવસારી, અને વલસાડ જિલ્લાઓની વિશિષ્ટ પરિસ્થિતિ તેમજ તેના સ્થાનિક પ્રશ્નોને અનુલક્ષીને ત્યાંની જિલ્લા પંચાયતોન જરૂરી લાગે તો આ સમિતિ ની રચના કરી શકે છે.

- નાણાકીય અંદાજ સમિતિ–પંચાયતે કરેલ ખર્ચની સમીક્ષા

## નગરપાલિકા :–

- સભ્ય સંખ્યા –> ૧૫,૦૦૦ થી વધુ અને ૫૦૦,૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતા શહેરમાં દરેક વોર્ડમાંથી ૩ એમ કુલ ૩૧ થી ૫૧ સભ્યો હોય છે.
- ૧૬૮૮ માં સૌપ્રથમ નગરપાલિકા મદ્રાસ બની.
- સભ્ય –> કોર્પોરેટર
- અધ્યક્ષ –> પ્રમુખ (૨.૫ વર્ષ)
- મુખ્ય વહીવટી અધિકારી –> ચીફ ઓફિસર

## મહાનગરપાલિકા:–

- વસ્તી : 5 લાખથી વધુ (50 લાખથી વધુ વસ્તીવાળા શહેરની મેગાસિટી અને 1 કરોડથી વધુ વસ્તીવાળા શહેરને મેટ્રોસિટી ઘોષિત કરવામા આવે છે.
- સભ્ય સંખ્યા : દરેક વોર્ડમાંથી 3 એમ કુલ 51 થી 129
- પ્રમુખ : મેયર (મુદત 2.5 વર્ષ)
- વહીવટી વડો : મ્યુનિસિપલ કમિશનર

## બંધારણના 73 માં સુધારા અધિનિયમ 1992 અન્વયે ની મુખ્ય કલમો:–

- ‘**ગ્રામપંચાયત** એટલે રાજ્યપાલ દ્વારા જાહેર સૂચના વડે સુનિશ્ચિત કરવામાં આવેલી ગ્રામપંચાયત.’ બંધારણની કલમ **243 (G)** આ વ્યાખ્યા અંગે પ્રાવધાન આપે છે,
- બંધારણ ની કલમ **324** ની જોગવાઈ અનુસાર સંસદ, રાજ્યની વિધાનસભા,રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓ **કેન્દ્રિય ચૂંટણીપંચ** દ્વારા સંચાલિત કરવામાં આવે છે.
  જ્યારે **રાજ્ય ચૂંટણીપંચ બંધારણની કલમ 243(K)** ની જોગવાઈ અનુસાર પંચાયતોની તથા બંધારણની **કલમ 243(Z) (A)** અનુસાર **નગરપાલિકાઓની** ચૂંટણીનું સંચાલન કરે છે.
- કલમ **૨૪૩(A)** મુજબ રાજ્યની વિધાનસભા કાયદાથી જોગવાઈ કરે તેવા કાર્યો કરવા માટે **ગ્રામસભા** ની રચના કરવામાં આવે છે.
- પંચાયતોની સ્થાપના – ૨૪૩(બી)
- પંચાયતનોનું બંધારણ – ૨૪૩(સી)
- અનામત બેઠકો – ૨૪૩(ડી)
- પંચાયતોની મુદત – ૨૪૩(ઇ)


ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર-૨૨, ઘ-૬ કોર્નર, ગાંધીનગર

- **પંચાયતોની સત્તા, અધિકારો અને જવાબદારી – ૨૪૩ (જી)**
- પંચાયતના ભંડોળ અને કર નાખવાની સત્તા – ૨૪૩(એચ)
- નાણાપંચની રચના –૨૪૩(આઇ)
- **પંચાયતોના હિસાબનું ઓડિટ – ૨૪૩(જે)**
- **પંચાયતોની ચૂંટણી– ૨૪૩(કે)**
- બંધારણનો **૭૩મો સુધારા અધિનિયમ** ૧૯૯૨ થી ભારતના બંધારણમાં **ભાગ – ૯** અને **૧૧ મી અનૂસુચિ** ઉમેરવામાં આવી છે. આ અધિનિયમન **૨૪–૪–૧૯૯૩ થી અમલમાં** આવેલ છે. તેથી **૨૪ એપ્રિલ પંચાયતી રાજ દિન** તરીકે ઉજવવામાં આવે છે. તેની કલમ ૨૪૩ (એન)માં કરેલી જોગવાઇ મુજબ આ અધિનિયમન અમલમા આવે ત્યારથી એક વર્ષની અંદર દરેક રાજયની માટે પોતાના પંચાયતધારાઓને આ અધિનિયમની જોગવાઇઓ સાથે સુસંગત કરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું.
- **મોટા ભાગના રાજયોમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ અસ્તિત્વમાં છે. પરંતુ નીચે જણાવેલ રાજયોમાં દ્રિસ્તરીય પંચાયતી રાજ પદ્ધતિ અમલમાં છે. ગોવા, મણિપુર, સિક્કિમ, જમ્મુ–કાશ્મીર અને તમામ કેન્દ્રશાસિત પ્રદેશો.**
- જયારે **નાગાલેન્ડ, મેઘાલય અને મિઝોરમમાં પરંપરાગત પંચાયત કાઉન્સિલ** હોય છે.
- પછાત વર્ગો માટે અનામત વ્યવસ્થામાં ખાસ ઘ્યાન ખેંચે તેવી બાબત તે છે કે **તમિલનાડુમાં ૮૦ ટકા કરતા વધુ વસ્તી પછાત વર્ગોની હોવાથી તેમના માટે અનામત વ્યવસ્થા રાખવામાં આવી નથી.** હરિયાણા અને પંજાબે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં માત્ર એક બેઠક અનામત રાખી છે. કર્ણાટકે ગ્રામ પંચાયતની બેઠકોમાં ૩૫ ટકા અનામત રાખેલ છે.
- ૧૯૬૩ માં કેન્દ્ર સરકારે નીમેલી **દિવાકર કમિટીએ ગ્રામસભાને કાયદેસરનું અસ્તિત્વ બક્ષવાની ભલામણ** કરી હતી.
- **ઓરિસ્સામાં** દરેક વોર્ડમાં નોંધાયેલ મતદારોની સંખ્યાને **પલ્લી સભા** કહેવામાં આવે છે.
- રાજસ્થાનની **સાદિક અલી કમિટીએ** એવી નોંધ મુકી છે કે આગલી ગ્રામસભાએ સુચવ્યા પ્રમાણે કાર્યો થયા છે કે નહિં તેની માહિતી ત્યાર પછીની ગ્રામસભાની મિટિંગમાં આપવી જોઈએ.
- **જમ્મુ–કાશ્મીર**માં ગ્રામ પંચાયત ''**હલ્કા પંચાયત**'' તરીકે ઓળખાય છે.
- સરપંચ માટે સિક્કિમમાં સભાપતિ શબ્દ વપરાય છે. જયારે બિહારમાં મુખિયા શબ્દનો ઉપયોગ થાય છે.
- ભારત સરકારે **૧૯૯૯–૨૦૦૦**ના વર્ષને **ગ્રામસભા વર્ષ** તરીકે જાહેર કરેલ હતું.

### અન્ય મહતવના તથ્યો:

- પંચાયતોમાં **સામાજિક ન્યાય સમિતિઓની જોગવાઈ** સૌ પ્રથમ **૧૯૭૩**માં કરવામાં આવી.
- ૧૯૯૩ના પંચાયતધારા હેઠળ ગ્રામ (કલમ–૯૨), તાલુકા ( કલમ ૧૨૩) અને જિલ્લા પંચાયત (કલમ ૧૪૫) માં સામાજીક ન્યાય સમિતની ખાસ જોગવાઇ થયેલ છે.
- જિલ્લા પંચાયતની સામાજીક ન્યાય સમિતિના અધ્યક્ષને માસિક –રૂા. ૧૦૦૦ તથા તાલુકાની સામાજીક ન્યાય સમિતિના અધ્યક્ષને રૂા ૭૫૦ નું માનદ વેતન ચુકવવામાં આવે છે.


ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર–૨૨, ઘ–૬ કોર્નર, ગાંધીનગર

- **ગ્રામ પંચાયતના કાર્યોનું વર્ગીકરણ**
  - ૧. નાગરિક સુવિધાના કામો
  - ૨. ગ્રામ વિકાસના કામો
  - ૩. સામાજિક ન્યાય / કલ્યાણના કામો
  - ૪. આર્થિક વિકાસ માટે રોજગાર/ઉત્પાદનલક્ષી કામગીરી
  - ૫. નિયંત્રક તરીકેની કામગીરી
  - ૬. આપત્તિ નિવારણ અને રાહત કામગીરી
  - ૭. આયોજન અને વહીવટને લગતા કામો

➢ **આ ઉપરાંત નીચેના અધિકારો ગ્રામ પંચાયત ભોગવે છે.**

- પોતાનું વાર્ષિક બજેટ બનાવે છે, તાલુકા પંચાયતની ચકાસણી બાદ ગ્રામ પંચાયત પોતેજ પોતાનું બજેટ મંજુર કરે છે.
- પંચાયતને કાયદામાં ઠરાવેલા લગભગ વીસ જેટલા કર, ફી, ઉપકર નાંખવાની અને વસૂલ કરવાની સત્તા છે.
- કરવેરા ન ભરતા હોય તેવા કસુરદારોની જંગમ મિલકત ટાંચમાં લઈને હરાજી કરીને કરની રકમ વસૂલ કરવાની સત્તા ગ્રામ પંચાયતને છે.
- **પંચાયતના કુલ સભ્યોની ૨/૩ બહુમતીથી સરપંચ કે ઉપસરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરીને તેમને હોદા પરથી દુર કરી શકે છે.**
- જમીન મહેસુલ ધારા હેઠળ જમીન મહેસૂલ અને લોકલફંડ વસૂલ કરવાની સત્તા પંચાયતને આપવામાં આવી છે.
- ગુજરાતમાં ત્રણેય સ્તરની પંચાયતોને કરવેરા નાખવાની અને વસૂલ કરવાની સત્તા છે.
- **તાલુકા પંચાયત ગ્રામ પંચાયતોના બજેટની ચકાસણી કરીને યોગ્ય ભલામણ કરે છે. જ્યારે પોતાનું બજેટ જિલ્લા પંચાયતની ચકાસણી પછી પોતે જ મંજુર કરે છે.**
- **જિલ્લા પંચાયત પોતેજ પોતાનું બજેટ મંજુર કરવાની સત્તા ધરાવે છે.** જિલ્લા પંચાયત પોતાના તાબાની પંચાયતોને લોન આપી શકે છે.
- જિલ્લા પંચાયત સહકારી મંડળીની નોંધણી મંજૂર કરવાની સત્તા ધરાવે છે.
- **ગુજરાત પંચાયત ધારાની કલમ ૧૭૫માં** કરેલ જોગવાઈ મુજબ રાજય સરકાર પંચાયતોને સરકારના કાર્યો અને ફરજો સોંપી શકે છે.

## પંચાયતી રાજનું વહીવટીતંત્ર

- **૧. વર્ગ– ૧ ના અધિકારીઓ** – જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, કાર્યપાલક ઈજનેર વગેરે
- **૨. વર્ગ– ૨ ના અધિકારીઓ** – તાલુકા વિકાસ અધિકારી, નાયબ કાર્યપાલક ઈજનેર વગેરે
- **૩. વર્ગ– ૩ ના અધિકારીઓ** – વિસ્તરણ અધિકારી, કારકુન, ટાઈપિસ્ટ, પંચાયતમંત્રી, ગ્રામ સેવકો, શિક્ષકો વગેરે

- બધા જ રાજયોમાં વર્ગ–૧ અને વર્ગ–૨ ના અધિકારીઓ રાજય સરકારે રાજયસેવામાંથી પંચાયતોમાં પ્રતિનિયુક્તિ ઉપર મુકેલા હોય છે.
- **પંચાયતોનો વહીવટી સ્ટાફ:**

  **જિલ્લા પંચાયતના મુખ્ય વહીવટી અધિકારીને જિલ્લા વિકાસ અધિકારી કહે છે.** તેમના તાબા નીચે અન્ય વર્ગ–૧ કક્ષાના ખાતાકીય અધિકારીઓ હોય છે. દા.ત જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પશુસંવર્ધન અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, કાર્યપાલક ઇજનેરો, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, પંચાયત, વિકાસ અને મહેસૂલને લગતાં ત્રણ નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા આંકડા અધિકારી, જિલ્લા હિસાબી અધિકારી ઉપરાંત બીજા વર્ગના ચીટનીશ, તાલુકા વિકાસ અધિકારી વગેરે ગેઝેટેડ અધિકારીઓ જિલ્લા પંચાયતના હવાલે હોય છે.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ તથા પશુ સારવાર કેન્દ્ર ના સ્ટાફને તાંત્રિક માર્ગદર્શન અનુક્રમે જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા પશુ સંવર્ધન અધિકારી તરફથી આપવામા આવે છે.
- **ગ્રામ પંચાયત સ્તરે** મુખ્ય **વહીવટી કર્મચારી તરીકે પંચાયત મંત્રી** હોય છે. ગ્રામ પંચાયતના **કારોબારી અધિકાર સરપંચ**ને હોય છે.
- **૧૪ નવેમ્બર ૧૯૮૦ થી ગુજરાતમાં પ્રત્યેક જિલ્લામાં જિલ્લા આયોજન બોર્ડની સ્થાપના કરીને વિકેન્દ્રીત જિલ્લા આયોજનની પ્રથા દાખલ કરવામાં આવી છે. જિલ્લા આયોજન બોર્ડના અધ્યક્ષ તરીકે રાજયના એક પ્રભારીમંત્રી હોય છે.** જિલ્લા પંચાયતના પ્રમુખ તેના ઉપાધ્યક્ષ હોય છે. અને કલેકટર સહ ઉપાધ્યક્ષ હોય છે.
- **પંચાયતોના સંદર્ભમાં કલેકટરની ભૂમિકા:–**

- ગ્રામ પંચાયતની કુલ સભ્ય સંખ્યા નક્કી કરવાની સત્તા
- અનામત બેઠકો નક્કી કરવાની સત્તા
- રાજય સરકારના જિલ્લા કક્ષાના પ્રતિનિધી
- જિલ્લાના મહેસૂલી વડા
- જિલ્લા મેજીસ્ટ્રેટ તરીકે કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી
- જિલ્લા આયોજન બોર્ડના સહ ઉપાધ્યક્ષ
- રાજય ચૂંટણી પંચના અધિકારી
- જિલ્લાના સર્વોચ્ચ નાગરિક પૂરવઠાના અધિકારી
- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અંગે કેટલીક વૈધાનિક અને વહીવટી સત્તા ધરાવતા અધિકારી
- **ગુજરાતના પંચાયત ધારાની કલમ ૨૪૯ (૬)** માં એવી જોગવાઇ છે કે પંચાયતના કોઇ હુકમ, ઠરાવ કે નિર્ણય અથવા કાર્યથી લોકોને ઈજા અથવા હેરાનગતિ થવાનો અથવા **સુલેહનો ભંગ થાય** એવો સંભવ હોય તો કલેકટર આવા પગલાની અમલ બજવણી મોકુફ રાખી શકે છે.

- **પંચાયતમાં બજેટ:**

- બધા સ્તરની પંચાયતોએ **આગામી વર્ષનું બજેટ ચાલુ વર્ષની ૩૧ માર્ચ સુધીમાં મંજુર કરવું પડશે.**

કોઇ પંચાયત ૩૧ માર્ચ સુધીમાં બજેટ મંજુર કરવામાં નિષ્ફળ જાય તો તે પંચાયત ફરજ કાર્યો કરવા માટે અસમર્થ છે. તેવો અભિપ્રાય બાંધીને રાજ્ય સરકાર તેને સુપરસીડ કરી શકશે.
કોઇ પણ પંચાયતનું બજેટ ખાધવાળુ કરી શકાશે નહિ.
તેની અંદાજીત આવકમાંથી તેની અંદાજિત ખર્ચની રકમ બાદ કરતા ઓછામાં ઓછી ૧૦ ટકા રકમ સિલક રહેશે. સ્થાનિક ભંડોળના નિરીક્ષક દ્રારા પંચાયતોના હિસાબનું ઓડિટ કરવામાં આવે છે.

........

અનામિકા એકેડમી